**ચાલો વાસાવડ... ચૈત્ર સુદ આઠમ તા. ૧૮/૪/૧૩ ચાલો વાસાવડ...**

# --- દુર્ગાષ્ટમી ઉત્સવ ---

**વાઘેશ્વરી મંદિર, વાસાવડ, તા. ગોંડલ**

મા વાઘેશ્વરી મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પધારવા જ્ઞાતિજનોને આમંત્રણ છે.

**તારીખ : ૧૮-૪-૨૦૧૩ ચૈત્ર સુદ આઠમ**
**પૂજા પ્રારંભ : સવારે ૮ : ૦૦ કલાકે**
**બીડું હોમવાનો સમય : બપોરે ૧૨ : ૦૦ કલાકે**

**વિશેષ માહિતી માટે સંપર્ક કરો :**

**રાજકોટ :** સમીર વસાવડા : મો. ૯૯૨૫૦૧૫૮૦૭

**રાજકોટ :** વિતેશ વસાવડા : મો. ૯૮૭૯૫૭૨૭૩૨ / ૯૪૨૬૯૬૮૩૬૩/૨૪૫૫૧૯૯

**રાજકોટ :** પ્રવિણભાઈ વસાવડા : મો. ૯૯૨૫૮૩૪૨૩૩

**અમદાવાદ :** દેવલ વસાવડા – ૯૯૭૮૮ ૨૮૫૯૯ ભરત વસાવડા-

**વડોદરા :** દિવ્યાંગ વસાવડા – ૯૮૨૪૨૫૬૭૮૨ / ૨૩૫૪૧૯૩

**જૂનાગઢ :** ભવજીત વસાવડા-૯૪૨૭૭ ૩૩૧૦૨-૦૨૮૫-૨૬૫૨૨૦૯

મહેશ વસાવડા – ૯૪૦૮૨૧૪૦૨૩ / ૦૨૮૫-૨૬૫૨૦૨૩

**: સૂચના :**

(૧) સંખ્યા મુજબ એક બસ રાજકોટથી જશે..ભાડું રૂા. ૧૫૦/- રાખવામાં આવેલ છે. ભાડું (નોન રીફંડેબલ) છે. નામ નોંધવવા તા. ૧/૪ થી ૧૦/૪ સુધીમાં સવારે ૮ થી ૧૨ સાંજે ૪ થી ૮ દરમ્યાન મનોજભાઇ વસાવડા ઉત્સવ, ગીતગુર્જરી સોસાયટી (ફોન : ૨૪૫૨૮૪૮)નો સંપર્ક કરવો. આયોજન વ્યવસ્થા માટે બહારગામથી પોતાના વાહનમાં આવનાર જ્ઞાતિબંધુઓએ અગાઉથી જાણ કરવા વિનંતી.

(૨) પૂજા વિધિમાં બેસવા સમીર વસાવડાનો સંપર્ક કરવો. (૩) માતાજીને ચરણે રૂા. ૫૧/-થી વધારે રકમ મુકવી હોય તો કાચી પહોંચ પૂજારી પાસેથી માંગો. મોટી રકમ કેશ કાઉન્ટર ઉપર જ આપી પહોંચ મેળવો. તમે ધરેલ ચૂંદડી પ્રસાદી તરીકે પરત મેળવી શકો છો.

**વિશેષ માહિતી :** બસ સવારે ૬:૩૦ કલાકે ગીતગુર્જરી સોસાયટી મેઇન રોડ, જૈન ઉપાશ્રય ચોક, રાજકોટ ખાતેથી ઉપડશે. પીક અપ સ્ટેન્ડ (૧) હનુમાન મઢી ચોક (૨) કેકેવી હોલ રહેશે અને આ જ રૂટથી બસ પરત આવશે...સહકારની અપેક્ષા.

**વાઘેશ્વરી પરિવાર**

C/o. **સમીર વસાવડા 'દીનસુમન' ૬૦ નં. પ્રાથમિક શાળા સામે,**
**૫ છોટુનગર, રાજકોટ-૭.**

# જ્યોત્સનાબેન ફુલશંકર પટણી



કચ્છમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનાર જયોત્સનાબેન ફુલશંકર પટ્ટણીનો જન્મ ઈ.સ. ૧૯૧૦ ની ૧૦ ફેબ્રુઆરીના થયો હતો. તેઓના પિતા ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા પીઢ ગાંધીવાદી લોકનેતા અને કચ્છના પૂર્વ સાંસદ હતા. તેમજ કચ્છનું સૌથી જુનું અડીખમ વર્તમાનપત્ર જય કચ્છના આદ્ય સ્થાપક અને પત્રકાર જગતના ભીષ્મ પિતામહ એવા શ્રી ફુલશંકરભાઈ પટ્ટણી સાથે તેઓ લગ્નના પવિત્ર બંધને બંધાયા હતાં. આમ પિતા અને પતિના ગુણો રૂપી અમૃતના સિંચનના સમન્વયના દર્શન થતાં હતાં. સ્વભાવે અત્યંત મૃદુ સરળ, સૌમ્ય પ્રકૃતિ ધરાવતાં તેઓના રોમરોમમાંથી લોકસેવા રૂપી ગુણોની સુવાસ નિરંતર પ્રસરતીજ રહેતી. આઝાદી પૂર્વે રાજાશાહી યુગમાં જયારે મહિલાઓનું સ્થાન ઘરની ચાર દિવાલોમાં નજરકેદ સમું હતું તે સમયે સમાજની રુઢિ ચુસ્ત વ્યવસ્થામાં કચ્છ જેવા પછાત પ્રદેશમાં મહિલાઓમાં જાગૃતિ લાવવાનું ભગીરથ કાર્ય તેમણે કરેલ. એ રીતે મહિલા જાગૃતિ દ્વારા મહિલા સાંકળ રચીને દારૂના અડડા પર દારૂડિયા તત્વોને વ્યસનની બદિમાંથી મુકત કરાવવા સમજાવવા અનોખો સત્યાગ્રહ કરેલ. ભંડુબેનના હુલામણા નામથી પ્રસિધ્ધ તેમણે જયારે બાલ્યાવસ્થામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના દર્શન કર્યાં ત્યારે તે સમયનાં બાળ જયોત્સનાબેને રાષ્ટ્રપિતાનો જીવનમંત્ર આજીવન ધારણ કર્યો કે 'મારૂં જીવન એ જ મારો સંદેશ' . ૧૯૫૧ની સાલમાં ભુજ નગરપાલિકાની રચના બાદ તેઓ ચુંટાયાં તેમજ ફુલશંકરભાઈ પણ સભ્ય પદે ચુંટાતા નગરપાલિકામાં પ્રથમ વિજેતાદંપતિ બનવાનું બહુમાન તેઓને પ્રાપ્ત થયેલું. નગરપાલીકામાં ચુંટાયા બાદ ખુલ્લા પગે પોતાના વોર્ડના લોકોને તકલીફમુકત કરાવવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતાં. મહિલાઓ અને બાળકો માટે મહિલાજગત તથા બાલજગતની રચના કરીને તે દ્વારા મહિલા તથા બાળવર્ગને આકાશવાણીના માધ્યમથી જીવનમાં આગળ લાવવા પ્રેરણા અને બળ પૂરાં પાડયાં. ભુજમાં શિશુમંદિર તેમજ ભારતીય સેવામંડળની સ્થાપના કરીને મહિલા અને બાળવિકાસયાત્રાના પથદર્શક બન્યાં. જીલ્લા આર્યુવેદીક હોસ્પીટલની એડવાઇઝરી કમિટી–જીલ્લા સહકારી સંઘ–જીલ્લા પૂરવઠા સલાહકાર સમિતિ જેવી અનેક સંસ્થાઓ સમિતિમાં તેઓ ગૌરવવંતા સ્થાને રહયાં. છાડબેટનો વિસ્તાર પાછો મેળવવા થયેલ સત્યાગ્રહમાં તેઓએ દેશભકિત કાજે જેલવાસ પણ ભોગવ્યો હતો. કચ્છના નારીજગતની વિકાસયાત્રામાં તેઓના અમૂલ્ય યોગદાન બદલ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલે વિશેષ સન્માન કરેલ. આવાં પ્રખર વ્યકિતત્વધારી જયોત્સનાબેનનું જીવન એક ખુલ્લી કિતાબ જેવું છે કે જે સાચા સામાજીક મૂક સેવિકા તેમજ નારીજગતના પથદર્શક કે જેમણે સમાજસેવાની સાથે કુટુંબ અને ઘરની જવાબદારી પણ અન્યને પ્રેરણારૂપ રહે એ રીતે પ્રશંસનીય નિભાવી. કચ્છની મહિલાજગતની આવી દિવ્યવિભૂતિએ ૧૪–૨–૧૯૮૯ના દિને માનવસેવા યાત્રામાંથી પ્રભુસેવાયાત્રા તરફ પ્રયાણ કર્યુ.

– આલેખન : શ્રી ચંદ્રવદન પટ્ટણી, ભુજ

# ❖ સમાચાર સંચય ❖

❖ **મુંબઈ:–** સ્વ. પ્રકાશ રૂદ્રપ્રસાદ મંકોડીના પુત્ર સંદીપ પ્રકાશ મંકોડીએ તાજેતરમાં તેજપાલ ઓડીટોરીયમ ખાતે પોતાની 'દિપ જયોત' ડાન્સીંગ એકેડમીનો વાર્ષિક મહોત્સવ ઉજવ્યો. જેમાં ૫૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો.

❖ **જામનગર:–** શ્રી જવાળામુખી માતાજી મંદિર સમિતિ ની તા. ૧૭–૨–૨૦૧૩ની સામાન્ય સભામાં કાર્યવાહક સમિતિમાં નીચે મુજબના હોદેદારોની વરણી કરવામાં આવી. પ્રમુખઃ શ્રી વિભાકર એસ. માંકડ, ઉપપ્રમુખઃ– રમેશભાઈ એસ. માંકડ, માનદમંત્રીઃ– વીરેન્દ્ર આઈ માંકડ, ખજાનચીઃ– પાર્થિવ ડી. માંકડ, સભ્યઃ– કિરણ ડી. માંકડ, દિનેશ એમ. માંકડ, ઉદય યુ. માંકડ. કો–ઓપ્ટ સભ્યઃ– જીતેન્દ્ર ડી. માંકડ, રત્નદીપ એસ. માંકડ તથા સલાહકારઃ– નિતાંત બી. માંકડ.

❖ અત્રેનાં કુ. વૈશાલી હરિહર બક્ષી અને કુ. જયતિ ભદ્રેશ માંકડને દ્વારકાધીશના મંદિર ઉપર ધજા ચડાવવાની કુદરતી પ્રેરણા થતાં તા. ૨૫/૧ના રોજ બે બસ દ્વારા સગા સ્નેહીઓ સાથે દ્વારકા જઈ આવ્યા.

❖ શ્રી હાટકેશ પરિવાર દ્વારા દ્વારકાધીશજીના મંદિરે પોષી પૂનમના રોજ ધજા મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં સોનલ તથા મનોજ નાણાવટીએ પરિવાર સહિત પૂજન કરેલ તથા જગત મંદિરના શિખરે ૫૨ ગજની ધજા લહેરાવેલ.ઈ ટીવી પરથી પ્રસારિત થતા કાર્યક્રમ " ફ્લેવર્સ ઓફ ગુજરાત" માં તેઓએ ભાગ લઈ ગ્રીન ચીલ બનાવી.

❖ અત્રેના એડવોકેટ શ્રી પરેશભાઈ એસ. વસાવડાના પુત્ર વધુ શ્રીમતી કવિતા અંકિત વસાવડા મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) જવા રવાના થયા.

❖ શ્રી અનિલભાઈ શશીકાન્તભાઈ કચ્છીને આકાશવાણી રાજકોટમાં એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર તરીકે બઢતી મળી.

❖ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે જનરલ નોલેજની સ્પર્ધામાં ૩ માર્ચમા યોજાયેલ ૧૦૮ ટીમ માંથી ડો. અભય હિતેશ પોટા તથા વડોદરા નિવાસીની ટીમ પ્રથમ વિજેતા બની.

❖ શ્રીનાગર મંડળ ની મિટિંગ સોનલ નાણાવટીના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગઈ. વિવિધ પ્રકારની ચીકી અને રસોડાની રાણીને ઉપયોગી "ટીપ્સ" દરેક બહેનોએ હટ કે આપી. કારોબારીના જિજ્ઞાસાબેન છાયા તથા રશ્મિબેન પોટાએ જહેમત ઉઠાવેલ, અલ્પાહાર લઈ સૌ છુટા પડયાં હતાં.

❖ **જામખંભાળીયા :–** અત્રેના વિમલ કિર્તીકાંત બુચ યુકો બેંકમાં પ્રોબેશનરી ઓફીસર તરીકે પસંદગી પામ્યા.

❖ **ભુજ :–** ભુજ ખાતે હાટકેશ્વર મંદિરમાં શિવરાત્રીના અવસરે શ્રી વડનગરા નાગર મંડળના ઉપક્રમે સવારમાં મંગળા આરતિ બાદ હોમાત્મક લઘુરૂદ્ર સવારના ૮ થી ૧૨, ૧ વાગ્યે જ્ઞાતિજનો માટે સમૂહ ફરાળ, રાત્રિના ૧૦ કલાકે શિવ એટલે શુ? જ્ઞાનવર્ધક કાર્યક્રમ તથા રાત્રે નવ કલાકે મહાઆરતિ તથા ૧૨ કલાકે રૂદ્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. હોમાત્મક લઘુરૂદ્રમાં જ્ઞાતિની અન્ય સંસ્થાના તથા જ્ઞાતિના કુલ ૨૧ દંપતીએ હવનમાં બેસવાનો લાભ લીધો હતો. ધાર્મિક વિધિ જિતુભાઈ ગોરે કરાવી હતી.

❖ અત્રેના મુહવા ખાતે પ્રાંત ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી પરેશ વિ. અંતાણીને તાજેતરમાં સંપન્ન થયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાવનગર જિલ્લામાં રીટર્નીંગ ઓફીસર તરીકે શ્રેષ્ઠ કામગીરી બજાવવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

❖ **રાજકોટ :–** અત્રેના સ્વ. ડો. ચંદ્રકાન્તભાઈ એમ. છાયા તથા કામાક્ષીબેન છાયાના સ્મરણાર્થે

તેમના પરિવાર તરફથી જુનાગઢની હાટકેશ હોસ્પિટલમાં રૂા ૨ લાખના અનુદાન સાથે ઈમરજન્સી કેર યુનીટનું લોકાર્પણ કરવામાં આવ્યું.

❖ બાલભવન દ્વારા આયોજીત અભિનય ગીત સ્પર્ધામાં રક્ષા અશોક પોટાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

❖ આરાધના ગૃપ દ્વારા યોજાયેલ આરતિ ડેકોરેશન સ્પર્ધામાં નીધિ કેયુર પોટાએ દ્વિતીય અને રક્ષા અશોક પોટાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

❖ આકાશવાણી રાજકોટ કેન્દ્ર ઉપરથી માર્ચ મહિના દરમિયાન રજુ થનાર 'આ માસના ગીત' કાર્યક્રમમાં રક્ષા અશોક પોટા તથા દેવાંશુ દેસાઈ એ સ્વર આપ્યો.

❖ દીપશિખા ગૃપ દ્વારા ફેબ્રુઆરી માસની મિટિંગ દરમિયાન નાગરોની પરંપરા "પાણી પાટલાની" સ્પર્ધા રાખવામાં આવેલી જેમાં નિર્ણાયક તરીકે કામિનીબેન ઝાલાએ સેવા આપી તથા સ્પર્ધામાં ગૃપના ઘણા બહેનોએ ભાગ લીધો ગૃપ દ્વારા દર માસની મિટિંગમાં કોઈને કોઈ પરંપરાગત વાત પણ રજુ કરવામાં આવે છે.

❖ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારી શ્રી પ્રદીપ દેસાઈ તથા શ્રીમતી રક્ષા દેસાઈ સિંગાપુર મલેશિયા બેંગકોક પ્રવાસે જઈ આવ્યાં.

❖ શ્રી અનિલભાઈ શશીકાન્તભાઈ કચ્છીને આકાશવાણી રાજકોટમાં એડમિનીસ્ટ્રેટીવ તરીકે બઢતી મળી.

❖ અત્રેના યુવા ક્રિકેટર અર્પિત વસાવડાએ તાજેતરમાં રાજકોટ ખાતે રમાયેલ રણજી ટ્રોફી ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર વતી રમી પ.બંગાળ સામે ૫૯ રન , મુંબઈ સામે ૧૧૧ રન તથા મધ્ય પ્રદેશ સામે ૫૪ અને ૫૫ રન ફટકારી ઘણા વર્ષો પછી ક્રિકેટમાં પણ જ્ઞાતિને ઝળકાવી. અભિનંદન.

❖ અ.ભા. નાગર પરિષદ દ્વારા મે ૨૦૧૩ આખરમાં રાજકોટ ખાતે 'જીવન સાથી પસંદગી અભિયાન' નું આયોજન કરવામાં આવનાર છે. લગ્નેચ્છુક ઉમેદવારોએ માહિતીપત્ર–આવેદન પત્ર રીલાયેબલ એસોસીએટ, એફએફ ૧/૧૮ સદગુરૂ કોમ્પ્લેક્ષ , રૈયા રોડ, રાજકોટ ફોનઃ– ૨૪૫૮૧૯૪ સંપર્ક કરી તા. ૧૦–૫–૨૦૧૩ સુધીમાં મોકલી આપવાના રહેશે.

❖ વિડીયોકોન કંપનીમાં ચીફ ઈન્ફ્રાસ્ટ્રકચર્સ તરીકે ફરજ બજાવતા હાર્દિક પ્રદ્યુમ્નભાઈ હાથીને વર્ષ ૨૦૧૨–૧૩માં સૌરાષ્ટ્ર કચ્છની શ્રેષ્ઠ કામગીરી બજાવવા બદલ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

❖ લાયોનેસ કલબ રાજકોટ મેઈનનાં ઉપપ્રમુખ કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવે લાયન્સ કલબની ગર્વનરની મિટીંગના સમગ્ર કાર્યક્રમનું સુંદર શૈલીમાં સંચાલન કર્યુ.

❖ નિખિલ વિદ્યાશંકર બક્ષીએ તાજેતરમાં યોજાયેલ ગુજરાત રાજય ખેલ મહાકુંભમાં ૬૦ થી વધુ વયજૂથની બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા બની બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

❖ તાજેતરમાં રાજકોટની આત્મીય કોલેજ દ્વારા ઈન્ટર કોલેજ–હિન્દુસ્તાન પેટ્રોલિયમના સૌજન્યથી પેટ્રોલ બચાવો અભિયાન સંદર્ભે 'સર્જન' શીર્ષક હેઠળ ચિત્ર સ્પર્ધામાં ટી.વાય.બી.એસસીમાં અભ્યાસ કરતાં કુ. નિધી જગદીપ રીંડાણીએ પ્રથમ સ્થાન મેળવ્યું, ઉપરાંત ગુજરાત રાજય સ્તરે મારવાડી કોલેજમાં આયોજિત 'MAGMIS' –૨૦૧૩ ફેબ્રીકસ પેઈન્ટીંગમાં ટીશર્ટ પર પોતાનો કલા કસબ બતાવી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ. અભ્યાસ સાથે કલાક્ષેત્રમાં બેવડી સફળતા બદલ અભિનંદન.

❖ અત્રેના રેલનગરના ડો. પુલકિત બક્ષી દ્વારા રકતદાન શિબિર તથા ફ્રી ડાયાબીટીસ, બીપી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવતાં આમજનોએ તેનો લાભ લીધો હતો.

❖ ચિ. રીચા હીરેન ઓઝા અખિલ ભારતીય ગાંધર્વ મહા વિદ્યાલય મુંબઈ દ્વારા પ્રવેશિકા પ્રથમ (હારમોનીયમ) માં પ્રથમ વર્ગમાં ઉર્તીણ થયાં.

❖ **અંજારઃ–** મનોજ ભુવનેશભાઈ છાંયાએ જી પીએસ સીની પ્રાધ્યાપકો માટેની પસંદગી પ્રક્રિયામાં રાજયભરમાં પ્રથમ ક્રમાંક મેળવી ભુજની શ્રી આર.આર. લાલન કોલેજ ખાતે અંગ્રેજી વિષયના મદદનીશ પ્રાધ્યાપક તરીકે નિમણુક મેળવેલ છે.

❖ **વડોદરાઃ–** પ્લાનીંગ ફોર રીટાયરમેન્ટ કાર્યક્રમ અંતર્ગત એશિયા બ્રાઉન બોવરી તથા જીએસએફસી ના ટ્રેઈનીંગ સેન્ટર ખાતે ડો. રાજેન્દ્ર કે. હાથીના આયુર્વેદ એન્ડ રીટાયરમેન્ટ , વૃધ્ધાવસ્થા અને રસાયન ઔષધિઓ, આહાર પાચન પોષણ મિથ્યા વિરૂધ્ધ આહાર વિષયક માહિતીસભર વાર્તાલાપ આપ્યા.

❖ ૧૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહેલ પ્રેમાનંદ સાહિત્ય સભાના ર.વ. દેસાઈ હોલ ખાતે પ્રજાસતાક દિનની પૂર્વ સંધ્યાએ કવિ સંમેલન યોજાયું, જેમાં " ચુંટણી જીતનારા બધા કયાં દેશ સેવકો હોય છે?" પંક્તિ ઉપર ટૂંકી પણ સંદેશ પ્રેરક વ્યંગ કવિતા રજુ કરવા બદલ ડો. રાજેન્દ્ર કે હાથી તથા હેત ત્રિવેદી (ધો-૮ ) બંન્ને નાગરોને પુરસ્કાર અર્પણ થયા. ચિ. હેત નાની ઉંમરની હોવાથી વધારાનો પુરસ્કાર આપ્યો.

❖ રાજયની એકમાત્ર સંખ્યાબંધ એવોર્ડ-મેડલોથી સન્માનિત રકતપિત તથા વિકલાંગોની સેવા કરતી 'સેવાતીર્થ'માં સાહિત્યિક સંસ્થા ગ્રામ્યગોષ્ઠિ તથા શબ્દસેતુ દ્વારા કવિ સંમેલન યોજાયું. જેમાં લબ્ધપ્રતિષ્ઠિત કવિઓની શૃંખલામાં ડો. રાજેન્દ્ર કે. હાથીએ ત્રણ રચના રજુ કરી હતી.

❖ અત્રેના શ્રી કુમારકાન્ત વી.બુચ સપરિવાર કુંજલગઢ, શ્રીનાથજી, રાજસ્થાનના પ્રવાસે જઈ આવ્યા.

❖ પ્રતીક અશોકભાઈ અંજારીયા બિરલા સનલાઈફ ઈન્સ્યોરન્સ કંપનીમાં એડવાઇઝર તરીકે જોડાયા. આવકવેરા રાહતપાત્ર સુરક્ષિત વિમા રોકાણ માટે તેમનો મો. ૯૪૨૬૭૬૧૭૬૦ ઉપર સંપર્ક કરી શકો છો.

❖ **વિદ્યાનગર :–** તારીખ ૮ માર્ચ વલ્લભ વિદ્યાનગરમાં વસતા હાટકેશ્વર મિત્ર મંડળની બહેનોએ ભેગા થઈ મહિલા દિન ની ઉજવણી કરી. અ.સૌ. શીલાબેન દ્રુપદભાઈ મહેતાના નિવાસસ્થાને નાગર બહેનોએ સ્ત્રીઓ વિશે વકતવ્ય રજુ કર્યા. શ્રીમતી ચેતનાબેન અમીતકુમાર મહેતાએ અબ્રાહિમ લીંકનના લેખનું સુંદર વાંચન કર્યુ.ત્યારબાદ વિવિધ રમતો જેમકે ૧ મિનિટની સ્પર્ધા , ડમસેરાઝ વગરે રમી આનંદ કર્યો. આ ઉજવણીમાં ચાર વર્ષની બાળાઓથી માંડી ૭૦ વર્ષના વડીલ સૌ કોઈ નાગર બહેનોએ ભાગ લીધો હતો. કેક કર્ટીંગ કરી ભોજન લઈ છુટા પડેલ.

❖ **ભાવનગર :–** હિતાર્થ એમ. વોરા પ્રાંજલ એન. દેસાઈ તથા કમલેશ મહેતા સહપરિવાર કેરળ, કન્યાકુમારીના પ્રવાસે જઈ આવ્યા.

❖ **જૂનાગઢ :–** હેલી જર્નાદનભાઈ ધોળકિયા બી.કોમ. સેમેસ્ટાર ૫ માં ૭૩% સાથે ઉત્તીર્ણ થયા.

❖ જટાયુ હર્ષિત બક્ષી સીઈ કોમ્પ્યુ. પૂના ખાતે લેંગ્વેજ ટ્રાન્સલેશન પ્રોગ્રામ (દેશની દરેક સેવાઓના પ્રાદેશિક ભાષામાં કોમ્પ્યુટરાઇઝેશન અંગેના પ્રોગ્રામ) અંતર્ગત યોજાયેલ ત્રિદીવસીય કાર્યક્રમમાં ડી ડી યુનિ. નડીયાદના પ્રતિનિધિ તરીકે જાન્યુ. ૨૨ થી ૨૪ દરમિયાન ભાગ લઈ આવ્યા. આ અનુંસંધાને જ તા ૧ માર્ચના રોજ દિલ્હી ખાતે ટેક. અને ઈન્ફોમેશન મંત્રાલય માં કાર્ય શીબીરમાં યુનિ. ના પ્રતિનિધિ તરીકે હાજરી આપી આવ્યા.

❖ અથાણા તથા બટેટાની પત્રી-વેફર માટે સંપર્ક કરો : શ્રીમતી રચના વૈદ્ય-૦૨૮૫-૨૬૫૧૨૧૫

❖ ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવેલ જૂનાગઢના જ્ઞાતિજનોના ટેલિફોન મોબાઈલ નંબરની ડિરેકટરી પુનઃ પ્રકાશિત થનાર છે. જૂના તેમજ નવા ફેરફાર થયેલ નંબરોની જાણ શ્રી પરેશ યુ. બુચને મો. નં. ૯૮૨૪૮૩૦૯૬૩ ઉપર કરશો.

## હરિત માંકડે સીએ અને સીએસની પદવી એકસાથે મેળવી



જામનગર સ્થિત શ્રી જગદીપ ચુનીલાલ માંકડના પુત્ર હરિત માંકડે સીએ (ચાર્ટડ એકાઉન્ટન્ટ) અને સીએસ (કંપની સેક્રટરી)ની અનુક્રમે જાન્યુ.૨૦૧૩ અને ફેબ્રુ. ૨૦૧૩માં પરીક્ષાઓના પરિણામમાં જ્વલંત સફળતા મેળવી બંને પદવી એકસાથે મેળવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. હરિત ડો. સી વી. માંકડ અને મા. નિર્મળાબેનના પૌત્ર થાય. અભિનંદન.

## કુ. નિશિતા વૈશ્નવની યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકની હેટ્રીક



રાજકોટના વિરલ અને નંદીની વૈષ્ણવનાં પુત્રી કુ. નિશિતા વૈષ્ણવ બાયો ઈન્ફોમેટીકસના સેમેસ્ટર ત્રણમાં ૮૧% , સેમેસ્ટર ૪માં ૮૮% તથા સેમેસ્ટર પાંચમાં ૯૨% સાથે ત્રણેય સેમેસ્ટરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક સાથે ઉર્તીણ થઈ ઝળહળતી સફળતા મેળવી છે. ઉપરાંત બાયો ટેકનોલોજી એપ્ટીટયુડ ટેસ્ટમાં નેશનલ લેવલે છઠઠા ક્રમાંક સાથે ઉર્તીણ થયાં. તાજેતરમાં પતિયાલા (પંજાબ) ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં તેણીએ રીસર્ચ પેપર રજુ કરી આવ્યાં. હાલમાં કુ. નિશિતા રાજકોટની મોદી સ્કૂલમાં ધો ૮ ના ઈંગ્લીશ મિડિયમના સાયન્સ ટીચર તરીકે પાર્ટ ટાઇમ શિક્ષિકા તરીકે કાર્યરત છે. કુ. નિશિતા દેવ્યાનીબેન અને અવિનાશભાઈનાં પૌત્રી તથા તરલિકાબેન અને બિપીનભાઈ કીકાણીના દોહિત્રી થાય. અભિનંદન.

## માત્ર ૨૧ વર્ષની વયે સી.એ.ની પદવી મેળવતા જલ્પેશ મહેતા



જલ્પેશ સાગર શિરિષભાઈ મહેતા, તાજેતરમાં જાહેર થયેલ ચાર્ટડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં ૬૬% માર્કસ સાથે સમગ્ર ભારતમાં ૪૬ માં ક્રમે જયારે સમગ્ર ગુજરાતમાં ૯ માં ક્રમે ઉર્તીણ થઈ જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. જુનાગઢના જ્ઞાતિના સૌથી નાની ઉંમરના માત્ર ૨૧ વર્ષની વયે સી. એ. થનાર જલ્પેશના દાદા દાદી ૯૦ વર્ષની ઉંમરે તેમના પૌત્રની આ સિધ્ધિને નીહાળવા હજુ હયાત છે. અભિનંદન.

## પ્રોફેસર કેદાર એચ. શુકલ પી. એચડી થયા



વાપી સ્થિત જીઆરબીએસ કોલેજમાં ઈન્ચાર્જ ડાયરેકટર તરીકે ફરજ બજાવતા પ્રાધ્યાપક કેદાર એચ. શુકલ એ 'સ્ટડી ઓફ કોર્પોરેટ સોશીયલ રીસ્પોન્સિબિલીટી એપ્રોચીઝ ઓફ સિલેકટેડ એરકન્ડીશનીંગ કંપનીઝ ઓફ ઇન્ડિયા' આ વિષય ઉપર તૈયાર થયેલ નિબંધને માન્ય રાખી એમ. એસ. યુનિવર્સિટીએ પી. એચડી ની પદવી એનાયત કરી છે. આ મહાનિબંધ તેઓને યુનિવર્સિટીના ડીન પ્રો. જયરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ. પ્રા. કેદાર રાજકોટના શ્રી સુધાંશુ શુકલના ભત્રીજા થાય.

## વકતૃત્વમાં દ્વિતીય કુ. ધ્વનિ મહેતા

તાજેતરમાં શ્રી સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિતે રામકૃષ્ણ મિશન દ્વારા યોજાયેલ ઓપન કવીઝ સ્પર્ધામાં શ્રી ધર્મકુમાર પ્રસન્નવદન મહેતાનાં પૌત્રી કુ. ધ્વનિ મનીષકુમાર મહેતાએ શ્રી મહાન સ્કુલનું પ્રતિનિધિત્વ કરી આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. આ અગાઉ રામકૃષ્ણ આશ્રમ દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં પણ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરેલ.



## બી.એચ.એમ.એસ.માં યુનિ.માં દ્વિતીય કુ. હિમશ્રી છાયા

વડોદરા ખાતે બરોડા હોમિયોપેથીક કોલેજમાં અભ્યાસ કરતાં કુ. હિમશ્રી ગૌરાંગ છાયાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની પ્રથમ બી.એચ.એમ.એસ.ની વર્ષ ૨૦૧૨ની પરીક્ષામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ કોલેજ તરફથી રૌપ્ય(ચાંદી) ચંદ્રક મેળવેલ છે.

## નિશાંત ત્રિપાઠી સી. એ. થયા




ગાંધીનગર સ્થિત શ્રી ભદ્રાયુ ત્રિપાઠી તથા નીલાબેન ત્રિપાઠીના પુત્ર નિશાંત ત્રિપાઠી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં ઉર્તીણ થઈ સી. એ.ની પદવી મેળવી. અભિનંદન



## ભાવિત વછરાજાની

રાજકોટના શ્રી પ્રકાશ જનકરાય વછરાજાનીના પુત્ર ભાવિત તુલીપ ટેલીકોમ લી. માંથી તાતા કન્સલ્ટન્સી સર્વિસમાં સિનીયર પ્રોસેસ એસોસીએટ તરીકે ગાંધીનગરમાં જોડાયા.

## તરંગ મારૂને સી.એસ.ની પદવી



વડોદરા સ્થિત તરંગ મારૂ (મયુરી તથા હરેશભાઈ મારૂના પુત્ર) તાજેતરમાં લેવાયેલ કંપની સેક્રેટરીની ફાઈનલ પરીક્ષામાં ઉર્તીણ થયા. સી એસ.નું પરિણામ ૧૦% જ આવેલ છે. તરંગ મારૂ રાજકોટના સ્વ. રંજનબેન પ્રમોદરાય મારૂના પૌત્ર તથા વસાવડના સ્વ. નવીનભાઈ દેસાઈના દોહિત્ર થાય.

## બાળ તબલચી પર્વ વસાવડા



જામનગર સ્થિત એડવોકેટ હિરેન હર્ષદભાઈ વસાવડા તથા શ્રીમતી વિશાખા વસાવડાના પુત્ર પર્વ એ માત્ર ૭ વર્ષની નાની ઉંમરે તબલાની ત્રીજા વર્ષની પરીક્ષા ડીસ્ટીંગ્શન સાથે પસાર કરી. બાળ વયે મેળવેલ સફળતા બદલ છોટે ઝાકીરહુસેનને અભિનંદન.(ચિ.પર્વ જ્ઞાતિ અને બરછીને પણ અનન્ય નિ:સ્વાર્થ સેવા આપી રહેલ પ્રવીણભાઈ બુચના દોહિત્ર થાય.)

## કવીઝ કોન્ટેસ્ટમાં પ્રથમ સ્થાન મેળવતા ચિન્મય વૈષ્ણવ



જામનગરની શ્રી ડી ડી નાગડા બીબીએ કોલેજના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ચિન્મય વૈષ્ણવ (નિતીનભાઈ તથા સ્મિતાબેન વૈષ્ણવના પુત્ર) એ કોલેજ આયોજીત ઓપન સૌરાષ્ટ્ર " ટેલેન્ટો ફિએસ્ટા ૨૦૧૩" માં " મેનેજર્સ સર્ચ અને બિઝનેસ કવીઝ" માં સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાન મેળવતાં સર્ટિફિકેટ, ટ્રોફી અને રૂા ૫૦૦૦ રોકડ પુરસ્કાર મેળવ્યો છે.

## 'સેબી'માં આર.પી તરીકે પદમીની યોગેશભાઈ પોટા



સેબી દ્વારા નાણાકીય શિક્ષણ યોજનાઓ જનતાને પુરી પાડવાના હેતુ સર જામનગરનાં પદમીની યોગેશ પોટાને સેબી સીકયોરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા જામગર માટેનાં રીસોર્સ પર્સન તરીકે પસંદ કરેલ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ,પેન્શનરો,વહીવટદારો, વ્યવસ્થાપકો, યુવા રોકાણકારો, ગૃહિણીઓ તેમજ સ્મોલ અને મિડલ ઈન્કમ ગૃપ માટે આમ છ પ્રકારના સેમિનાર લેવાના હોય છે. જેમાં દરેક ભાગ લેનારને જે તે જુથ મુજબ બુક આપવામાં આવે છે. સંસ્થાઓમાં સેમિનાર યોજવા તેઓનો મો. ૯૩૨૮૧૧૭૫૬૪ ઉપર સંપર્ક કરી શકશો.પદમીનીબેન જેસીઝમાં તેમજ ગુજરાત સરકારની કર્મયોગી તાલીમ શિબિરના ટ્રેનર તરીકે પણ કામગીરી બજાવે છે.

❖ **અમદાવાદ :** – સમગ્ર ગુજરાત નાગર પરિષદની યાદી જણાવે છે કે ગત વર્ષની જેમ આરાસુરી અંબાજીના નીજ મંદિરમાં તા. ૬/૫થી ૧૧/૫/૧૩ સુધી રાત્રે ૯ થી ૧૨ દરમ્યાન વિધીવિધાનપૂર્વક પૂજન અર્ચન કરી થાળ ધરાવવા નાગર જ્ઞાતિ માટે સમય ફાળવવામાં આવ્યો છે. ગામેગામના જ્ઞાતિજનોને લાભ લેવા નિમંત્રણ છે. જે તે શહેરના પ્રતિનિધીઓને આ અંગેના ફોર્મ મોકલવામાં આવેલ છે. જેના નામ શ્રી નરેશ રાજા ફોન : ૦૭૯–૨૨૧૪૦૬૮૮અથવા ૯૪૨૬૭૪૯૮૩૩ પર એસએમએસથી મેળવી શકાશે.

❖ બારેમાસ સીઝનમાં ભરવાલાયક મસાલા – મરચુ,હળદર,ધાણાજીરૂ,રાઇ,વરીયાળી માટે સંપર્ક કરો : શ્રીમતી તોરલ છાયા–૦૭૯–૨૬૬૪૦૪૩૨

❖ મયુરકાંત હરસુખરાય બુચ આઇ.ઓ.બી. બેંકમાં ૩૭ વર્ષની ફરજ બજાવી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા.



## શ્રેયા મૌલેશ ઓઝા – બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર

પોરબંદરના મૌલેશ ભૂપેન્દ્રરાય ઓઝા અને શ્રીમતી ખ્યાતિ મૌલેશ ઓઝાનાં પુત્રી કુ. શ્રેયાને શિક્ષણ તથા ઈતર પ્રવૃત્તિઓમાં અગ સ્થાને રહેવા બદલ તેમની કોલેજના રજત જયંતિ મહોત્સવ અન્વયે યોજાયેલ વાર્ષિકોત્સવમાં નામાંકિત વ્યકિતઓની ઉપસ્થિતિમાં 'બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર'નો એવોર્ડ આપી શીલ્ડ, સર્ટિફીકેટ અને શાલથી સન્માનિત કરવામાં આવ્યાં.

## કુ. સાક્ષી દેસાઈનું આરંગેત્રમ્



ભાવનગરના શ્રીમતી તૃષ્ણા તથા મેહૂલ દેસાઈનાં પુત્રી ચિ. સાક્ષીએ તા. ૨/૨/૧૩ના રોજ ભરત નાટયમ આરંગેત્રમ્ રજૂ કર્યું. માત્ર ૧૨ વર્ષની વયે શાસ્ત્રીય નૃત્યશૈલીની વિવિધ કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ચિ. સાક્ષીએ આ નૃત્યની તાલિમ બાળ વયથી માતુશ્રી તૃષ્ણાબેન પાસેથી મેળવવાની શરૂ કરી હતી. તેઓ સાથે ૨૦૦૫માં ગુજરાત ગૌરવ દિનની ઉજવણી પ્રસંગે માત્ર ૫ વર્ષની વયે નૃત્ય પ્રસ્તુત કરી પોતાની ધગશ અને ક્ષમતા પૂરવાર કરી હતી. આ વર્ષે તેણીએ શાળાનો 'બેસ્ટ ડાન્સર' તરીકેનો એવોર્ડ પણ મેળવ્યો છે. અભ્યાસમાં પણ તેજસ્વી સાક્ષી પોતાની સેન્ટમેરી સ્કૂલની સ્કોલરશીપ પણ મેળવે છે. અભિનંદન.

## <u>સગપણ સગાઈ :</u>

– રાજકોટ સ્થિત ધ્રુવાંગી ભરતભાઈ ઓઝાનું સગપણ અમદાવાદ સ્થિત ધવલ મૌલેશભાઈ વસાવડા સાથે.

– રાજકોટ સ્થિત સોનાલી હિતેષભાઈ ધોળકિયાનું સગપણ અમદાવાદ સ્થિત ઉદીત ધીરેનભાઈ મહેતા સાથે.

– અમદાવાદના અ. સૌ હીનાબેન તથા શ્રી મૌલિનભાઈ કચ્છીના પુત્ર હર્ષિતનું સગપણ મુંબઈ સ્થિત સૌ કામિનીબેન તથા કેયુરભાઈ મધુસુદનભાઈ બક્ષીનાં પુત્રી વૃષ્ટિ સાથે.

– મુંબઈ સ્થિત પ્રેમલ સુભાષભાઈ દેસાઈના પુત્ર મોહિત(યુએસએ)નું સગપણ કેનેડા સ્થિત જિગીષુ ઉપેન્દ્રરાય વોરાનાં પુત્ર નૈમિતી સાથે.

– જામનગરના યુએસએ સ્થિત અશોક જયંતિલાલ બુચના પુત્ર નીલનું સગપણ અમદાવાદ નિવાસી ભદ્રાયુભાઈ બક્ષીનાં યુએસએ સ્થિત પુત્રી ધ્વનિ સાથે.

– અમદાવાદ સ્થિત ભાવના યોગેશભાઈ દેસાઈના યુએસએ સ્થિત પુત્ર ભવનનું સગપણ યુએસએ સ્થિત આજ્ઞા ઉપેન્દ્રભાઈ દેસાઈ સાથે.

# શ્રી વિભાકર – એક વૈષ્ણવજન – કર્મઋષિ



કુટુંબની કોઈ વ્યકિતની વિદાયથી ખાલીપો અને જાહેર જીવનમાં સક્રીય વ્યકિતની વિદાયથી શુન્યાવકાશ અનુભવાતો હોય છે પરંતુ કુટુંબ જેવીજ અનન્ય જ્ઞાતિભાવના,પ્રેમાળ, સંવેદનશીલ સ્વભાવ, નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે અવિરત સેવારત રહી જીવન સાર્થક કરી જનાર કર્મઋષિ વિભાકર અંજારીયાની તા. ૨૦/૧/૧૩ના રોજ અચાનક 'એકઝીટ'થી કુટુંબ સાથે પરિચયમાં આવનાર અને ઓળખી શકનાર મોટા વર્ગે આ બંનેનો એક સાથે અનુભવ કર્યો કરી રહયો છે...

મૃત્યુના દુ:ખદ પ્રસંગો કે આનંદના અવસરો જેવા કે સમૂહ નવરાત્રી સ્થાપન, હાટકેશ જયંતી, કચ્છ પરિવારના તેમજ અન્ય સંસ્થાઓના સ્નેહમિલન,ઈનામ વિતરણ કે સ્નેહમિલન, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેમની ખોટ સાલશે અને વિભાકરભાઈ હંમેશા સૌની આંખ સામે તાદ્રશ્ય થયા વગર નહીં રહે તે પણ નિ:શંક છે.

પોતે મૂળ કચ્છના પરંતુ વાડાબંધી કે જૂથબંધીથી પર રહી જ્ઞાતિની દરેક સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં વર્ષોથી સંકળાયેલા રહી તે દ્વારા રાજકોટની જ્ઞાતિને એકસૂત્રે બાંધવામાં તેમણે આપેલ પ્રદાન જ્ઞાતિ ભૂલશે નહીંજ. તેઓની આયોજન વ્યવસ્થા અને સંચાલન શકિત સાથે ઉત્સાહભેર જ્ઞાતિના સારા માઠા પ્રસંગોમાં હંમેશા અગ્ર રહી જ્ઞાતિજનોની પડખે ઉભા રહયા અને સૌને સાથે રાખી પરસ્પરથી જ્ઞાતિજનોને નીકટ લાવવામાં અને દરેક સંસ્થાઓની પ્રવૃત્તિઓ તથા પ્રતિભાઓને સમગ્ર ભારતમાં બરછી તેમજ અન્ય સામાયિકો દ્વારા ઝળકાવવામાં પણ અનેરૂં યોગદાન આપ્યું છે. અમને બરછીના સમાચારદાતા જ નહી પરંતુ એક હૂંફાળા મિત્ર, હિતચિંતક સ્વજનની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે... હવે વાંચો તેમના નિકટના સખા શ્રી હિમાંશુ રાણા તરફથી મળેલ કારકિર્દીની ઝલક–અંજલિ...આવું છે વિધીનું નિર્માણ...!!

તા. ૧૧-૧૧-૧૯૫૪ ના રોજ " મોસી (ટીટી)" બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા હાલમાં ટાન્ઝાનિયા માં માતુશ્રી ભાનુમતીબેન ના કુખે તેમનો જન્મ થયો. પિતાશ્રી શશીકાન્તભાઈ, કુલ ૫ ભાઈઓ અને ૨ બહેનો તેમાંથી તેઓ ત્રીજા ક્રમે હતા. ૧૯૬૦ માં પિતાશ્રી નેત્રા (કચ્છ) ગામે સ્થળાંતર થયા. વ્યવસાયે શિક્ષક ૮ વર્ષની વયે પિતાશ્રીની છત્રછાંયા ગુમાવી. બાળપણ નેત્રા ગામે વિતાવી વર્ષ ૧૯૭૪-૭૫માં પિતાતૂલ્ય મોટાભાઈ શ્રી મધુકરભાઈ કે જેઓ રાજકોટ ખાતે રેલ્વેમાં કાર્યરત હતા તેઓની નિશ્રામાં આગળના અભ્યાસ અર્થે રાજકોટ આવી બી.કોમ. પૂર્ણ કર્યુ. જીવનયાત્રામાં માતુશ્રીની પણ છત્રછાંયા ગુમાવી. વર્ષ ૧૯૭૬માં ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) ગાંધીધામ –કચ્છ ખાતે પ્રથમ નિમણુંક મળી. નાનપણથી જ શાંત સ્વભાવે સરળ અને પરમાર્થના કાર્યો કરવાની નેમ સાથે એફસીઆઈના નેશનલ સ્તરના કર્મચારી વેલફેર યુનિયનમાં સક્રિય થયા. વર્ષ ૧૯૮૦ માં પલ્લવીબેન (મુંબઈ) સાથે લગ્નગ્રંથીથી જોડાયા અને વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે ધર્મપત્નીના સધિયારે બે પુત્રો અને એક પુત્રીને ઉચ્ચ શિક્ષણ સાથે આપી પગભર કર્યા. વર્ષ ૨૦૦૬ જાન્યુઆરીમાં રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત ભારતીય ખાદી નિગમ ર્કાચારી સંઘના રાજકોટ જિલ્લા શાખાના પ્રમુખ ચુંટાઈ આવ્યા અને ૨૦૧૨ વર્ષ સુધી સેવામાં કાર્યરત રહયા. વર્ષ ૨૦૧૨ ઓકટોબરમાં ભારતીય ખાદી નિગમ કર્મચારી સંઘ વેસ્ટ ઝોન( ગુજરાત, મહારાષ્ટ્ર, છતીસગઢ, મધ્યપ્રદેશ) ગોવા ખાતેની કોન્ફરન્સમાં નેશનલ લેવલના ઝોનલ વાઈસ પ્રેસીડન્ટ ચુંટાયા. વર્ષ ૨૦૧૨ નવેમ્બરમાં ઈન્ડિયા લેવલે વર્ગ ૨ ના અધિકારી તરીકે બઢતી મેળવી. નવેમ્બર ૨૦૧૪માં વય મર્યાદાના કારણે નોકરી માંથી નિવૃત થનાર હતા .

તેઓ રાજકોટ ખાતે વર્ષોથી કચ્છ નાગર પરિવારના મંત્રી હતા તો, હાટકેશશ્વર પાટોત્સવ સમિતિના સભ્ય, અખિલ ભારતીય નાગર પરિષદની વિવિધ પ્રવૃતિઓ અને શ્રી અનંતજી વડનગરા નાગર બોર્ડિંગના ટ્રસ્ટી તરીકે અથાગ સેવાઓ આપી.

આમ, જાણે ભગવદ્ ગીતાના અર્કને જીવનમાં ઉતારી નિંપૃહીભાવ સહજતા, સરળતા, અડગતા સાથે અન્યના ભલા માટે મુત્સદીગીરી અપનાવી જ્ઞાતિ માટે જ નહીં પરંતુ સમાજ માટે સેવાનો માર્ગ ચિંધાડનાર દિશાસૂચક સારથિ અને આદ્ય કવિ નરસિંહના વૈષ્ણવજન માંના તમામ વ્યાખ્યાયિત ગુણોનું સ્વરૂપમાં નિરૂપણ કરી અવિરત સમાજ સેવા એજ મંત્રને ધારણ કરનાર કર્મઋષિ વિભાકરભાઈ જયારે " સ્વ " માંથી "પર" ની અનંતયાત્રાએ નીકળી ગયા છે ત્યારે પરિવાર, સમાજ અને વ્યવસાયમાં તેઓએ કરેલ પરમાર્થના અગણિત ભગીરથ કાર્યોની યશગાથાઓની સુવાસ કાયમ રહેશે.

## <u>અનંતના યાત્રીઓ :–</u>

– મધુસુદન દિલીપરાય નાણાવટી, વડોદરા, હંસાબેન વીરેન્દ્રભાઈ મારૂ, દીપક ગજેન્દ્રરાય છાયા, ૬૨ વર્ષ વડોદરા,મધુબેન જતીનભાઈ વસાવડા, ગીતાબેન કલીંગભાઈ વૈષ્ણવ, ૬૨ વર્ષ– વડોદરા, લક્ષ્મીકાંતભાઈ પ્રહલાદરાય બુચ, વડોદરા ખાતે.

– દિલીપકુમાર હરીપ્રસાદ પોટા, રાજકોટ, કુન્તાલક્ષ્મી ગિરધરપ્રસાદ વછરાજાની ૯૫ વર્ષ – રાજકોટ, જયેન્દ્રભાઈ જનુભાઈ બક્ષી, ૯૮ વર્ષ ,રાજકોટ, મધુબેન ભાસ્કરરાય માંકડ ૮૬ વર્ષ રાજકોટ, પ્રદ્યુમ્નભાઇ ભુપતભાઈ માંકડ, ૮૬ વર્ષ– રાજકોટ ખાતે

–અરુણાકુમાર મુકંદરાય વૈદ્ય ૭૫ વર્ષ ભુજ ખાતે, ધનુભાઈ બી. હાથી ભુજ ખાતે, – ભુવનેશ્વરી દિનેશચંદ્ર ૬૮ વર્ષ ભુજ ખાતે, –શ્રી જગદીશભાઈ અંતાણી ૭૫ વર્ષ– ભુજ, –ગં.સ્વ. સરયુબેન પાઠક ૮૩ વર્ષ ભુજ. ડો. દિલીપભાઈ નૌતમલાલ ધોળકિયા–૮૪ વર્ષ, અરૂણભાઈ ચંપકલાલ અંતાણી – ૮૪ વર્ષ, જતીન જીતેન્દ્રભાઈ વૈદ્ય– ૫૭ વર્ષ ભુજ ખાતે.

– રાજકોટના વિનાયકરાય હરિપ્રસાદ વછરાજાની નું ૯૦ વર્ષની વયે અમદાવાદ ખાતે અને તેઓના લઘુબંધુ શ્રી લલિતભાઈ હરિપ્રસાદ વછરાજાનીનું ૭૬ વર્ષ અમદાવાદ ખાતે.

–જયવંતભાઈ મણીલાલ અંજારીયા ૭૭ વર્ષ અમદાવાદ, અ. સૌ. નિરંજનાબેન ચંદ્રકાન્તભાઈ હાથી – અમદાવાદ. – મધુસુદન ધનવંતરાય છાંયા, ઉષાબેન દેવીપ્રસાદ છાંયા, ગં.સ્વ. હેમલતાબેન ચંદ્રકાન્ત અંજારીયા મુંબઈ, દિનેશકુમાર અરવિંદભાઈ મારૂ ૭૨ વર્ષ– પૂના, સુરેશભાઈ મહેન્દ્રભાઈ મંકોડી – અમેરીકા. અન્નપૂર્ણાબેન ચંપકલાલ વછરાજાની, જામનગર,–પુંડરીકરાય આચાર્ય ૯૫ વર્ષ ભાવનગર – વાસંતીબેન ગુરુપ્રસાદ દેસાઈ ૭૨ વર્ષ, જુનાગઢ, જયેન્દ્ર શાંતિદાસ વૈષ્ણવ જુનાગઢ, સુકન્યા કાંતિભાઈ સ્વાદિયા ૮૫ વર્ષ ,અરુણાબેન વિનોદરાય જોષીપુરા ૯૯ વર્ષ જુનાગઢ. વર્ષા વિપીનભાઈ દેસાઈ, સુધાબેન બિપીનચંદ્ર વૈષ્ણવ, સુનયના ચંદ્રશેખર પોટા ૯૫ વર્ષ, દિનમણીબેન નરેશભાઈ મહેતા ૭૧ વર્ષ જુનાગઢ – ભવસુતાબેન(ભાવના) સૂર્યકાન્ત દેસાઈ નું જુનાગઢ ખાતે.– સુધાબેન બીપીનભાઈ વૈષ્ણવ ૭૯ વર્ષ ગાંધીનગર ખાતે – ઝાલાવાડ પંથકના માનવતાવાદી સેવાભાવી તબીબ ડો. હરિશ્ચંદ્રભાઈ આર. બુચનું લીમડી ખાતે ૮૭ વર્ષની વયે અવસાન.ભાવનગર નિવાસી શ્રીમતી વૃન્દાબેન સત્યેન્દ્રપ્રસાદ મજમુદારનું ૮૮ વર્ષ–અમદાવાદ.

## મુઠી ઊંચેરા માનવી ડો. વામનભાઈ માંકડનો દેહવિલય



જામનગરના રઘડભાઈ કહેવાતા માંકડ કુટુંબમાં ૧૯૨૭માં અનંતરાય માંકડના પુત્ર ડો. વામનભાઈનો જન્મ થયો. સંયુકત કટુંબ તથા જુના રીવાજોમાં વરેલા કુટુંબમાં ઉછેર છતાં પોતાના તેજસ્વી પ્રતિભા અને સ્વનિર્ધારથી જામનગરની ગુલાબકુંવરબા આયુર્વેદીક મેડીકલ કોલેજમાં ૧૯૫૦ માં ડી એ એસ એફની પદવી મેળવી. કુટુંબના પ્રથમ ડોકટર બન્યા. ઈરવીન હોસ્પિટલમાં ખ્યાતનામ જ્ઞાતિના ડોકટર્સ જેવા કે ડો. સુરેન્દ્રભાઈ બક્ષી, ડો. કે. એમ. ઝાલા જેવા સાથે બહોળો અનુભવ મેળવ્યો. તે દરમિયાન જ્ઞાતિમાં ઘણા પરિવારોમાં રહીને તેમને ત્યાં સારવાર કરી. ત્યારબાદ રાજકોટ ખાતે વેસ્ટ હોસ્પિટલમાં ડો. રાવસાહેબ સી.જી. અંતાણી પાસેથી અનુભવ મેળવ્યો. અને ગામડાઓની સફર શરૂ થઈ. તેમાં નવલખી, જોડીયા સુલ્તાનપુર, કુંકાવાવ, કોલીથડ, મોવિયા ,પડધરી વગેરે જગ્યાએ પોતાની સેવાઓ આપી. અને દરેક જગ્યાએ પ્રચંડ લોકચાહના મેળવી. એમાં પણ કોલીથડ ગામને કર્મભૂમિ બનાવીને ત્યાં આશરે ૧૯ વર્ષ નોકરી કરી. તે દરમિયાન ત્યાં ધારેશ્વર મંદિર બનાવવાની પ્રેરણા આપી. દરેક પ્રકારની સુવિધાસજ્જ આ મંદિર આજે એક વિશિષ્ઠ ધર્મસ્થાન ગણાય છે. તેઓએ આ મંદિરમાં કામધેનું ગાય અપાવી શ્રેષ્ઠ પૂણ્ય મેળવ્યું. તે ગાય વીયાયા વિના દરરોજ ૧૦ લીટર દૂધ આપતી અને આજે ત્યાં તેની સમાધિ પણ છે. તેઓના ૧૯૫૨માં જામનગરનાએ સમયના ખ્યાતનામ રાજવૈદ્ય ડો. ત્રંબકલાલ કે. બક્ષી એ પોતાની પુત્રી હર્ષા સાથે તેના લગ્ન કરાવ્યાં અને તેઓના શ્વસુરની સેવામાં પુરો વારસો મેળવવા માટે સદ્‌ભાગી થયા.

તેઓ સિધ્ધાંતનિષ્ઠ તેથી ૩૦ વર્ષની સરકારી નોકરી દરમિયાન કયારેય પ્રાઈવેટ પ્રેકટીસ કરી નહીં. નિતીમત્તાથી નોકરી કરીને ગોંડલ તાલુકાની આજુબાજુના સેંકડો ગામડાઓમાં ડોકટર તરીકે નહીં પરંતુ દરેકના આત્મીયજન બની રહયા અને સામાજિક રીતે પણ ઘણાને સાથ સહકાર આપીને પગભર કરતાં યશ અને કીર્તિ મેળવ્યાં. જે આજ ૩૩ વર્ષ પછી પણ કાયમ છે. ૧૯૮૦માં નિવૃત થઈને માદરે વતન જામનગર આવીને તેઓએ નજીવા દરે પ્રેકટીસ ચાલુ કરી, અને તેમાં પણ પોતાને સમય પસાર કરવા અને પરોપકારની જ ભાવના હતી. વળી તેમણે જામનગર નાગર જ્ઞાતિના કોઈપણ સભ્યને કાયમ વિનામૂલ્યે સેવાઓ આપી. (માનવતા, સંવેદના,મામુલી ફી છતાં સચોટ નિદાન–સારવાર... આજનાં તબીબી જગત સાથે તાલમેલ બેસે ?!)

આ સમયગાળા દરમિયાન પૂ. પાડુંરંગ શાસ્ત્રીજીના વ્યાખ્યાનો ,સભાઓ કરી. તેમને ગાયત્રી માતામાં અપાર શ્રધ્ધા હોવાથી જીવનકાળ દરમિયાન સેંકડો ગાયત્રી યજ્ઞો કર્યા. અને તેના માટેની પ્રેરણા આપી. તેઓએ જયાં સુધી પોતે ચાલી શકતા ત્યાં સુધી જામનગર શ્રી હાટકેશ્વરની પૂજા કરી અને દરરોજ સુવિચારો અને ધાર્મિક લખાણ બોર્ડ પર લખીને જ્ઞાતિજનોના ખરા અર્થમાં પથદર્શક બની રહયા. આ જ સમય ગાળા દરમિયાન જ્ઞાતિમાં તેમણે એક ગૃપ બનાવીને સંક્ષિપ્ત રૂદ્રીનો મહાયજ્ઞ શરૂ કર્યો ને નિયમિત રૂપે રૂદ્રીઓ કરી અને તેના દ્વારા આજની પેઢીને પણ એક સીમાચિહન બતાવ્યું.

તેઓ માટે મુ. વ. જનકભાઈ માંકડે કહયા મુજબ વામનના ત્રણ પગલાની જેમ આ વામનભાઈના ફકત બે જ પગલાંમાં તેમણે જિંદગી જીતી લીધી અને વામન માંથી વિરાટ બની રહયા. ટૂંકમાં જન્મથી મૃત્યુ સુધીની અવિસ્મરણીય સફરમાં મુ. વામનભાઈ એક ડોકટર તરીકેના વ્યવસાયની સાથો સાથ આર્થિક, સામાજીક, શૈક્ષણિક સેવાઓમાં અનેરૂં પ્રદાન આપીને દરેકના દિલમાં ચિરંજીવ રહયા છે અને રહેશે. અગિયારસના પવિત્ર દિવસે આવા પરોપકારી વામનભાઈનો દેહવિલય થયો છે ત્યારે તેમના આત્માને શાંતિ જ હોય..! અસ્તુ.

## રાવજી પટેલ યુવા પ્રતિભા સન્માન મેળવતાં કુ. ગાર્ગી વોરા



'સમન્વય' તથા 'ગુજરાત સમાચાર' અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ ફેબ્રુઆરીમાં નિયમિત રૂપે યોજાતા ગુજરાતી કાવ્ય -સંગીત સમારોહમાં છેલ્લા ચાર વર્ષથી સાહિત્ય અને સંગીત ક્ષેત્રમાં પ્રદાન બદલ યુવા પ્રતિભાઓને કવિશ્રી રાવજી પટેલ યુવા પ્રતિભા એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. જેમાં રૂા ૫૧ હજારની સન્માન રાશિ અને એવોર્ડનો સમાવેશ થાય છે.

સમગ્ર સૌરાષ્ટ્ર અને રાજકોટ માટે આનંદ અને ગૌરવની વાત છે કે આ વર્ષનો સંગીતનો આ પ્રતિષ્ઠિત એવોર્ડ પૂ. મોરારીબાપુના હસ્તે શાલ ઓઢાડીને કુ. ગાર્ગી વોરાને એનાયત કરવામાં આવ્યો. જૂની પેઢીના યશસ્વી કવિ અને આજે પણ સુગમ સંગીતના સ્વર સાધકો દ્વારા જે કવિ અવિરત ગવાતા રહે છે તે શ્રી ભાસ્કર વોરાની સ્વર પૌત્રી કુ. ગાર્ગી વોરા દાદા અને પિતા દીવાકર વોરાના શબ્દ અને સૂર ને પગલે પગલે (કે કંઠે કંઠે) ગાર્ગી એ એવી તો શબ્દ સૂરની સાધના કરી છે કે આજે ગુજરાતી કાવ્ય સંગીતના કોઈપણ સ્વરકાર પોતાનું સ્વરાંકન ગાર્ગીના સ્વરમાં પ્રસ્તુત થાય તેવુ ઈચ્છતા રહે છે. તેણી ગુરૂ પિયુબેન સરખેલ પાસેથી શાસ્ત્રીય સ્વરોની ઝીણી સ્વર ગૂંથણીઓની તાલીમ લઈ રહેલ છે.

સુગમ સંગીતના અમર વારસાનું જતન કરી રહેલ બેન ગાર્ગીએ આ વિરલ સન્માન દ્વારા જ્ઞાતિને પણ ગૌરવાન્વિત કરી છે ત્યારે અભિનંદન સાથે શુભેચ્છા.

## ફરજ નિવૃત્તી બાદ પી.એચડી.ની પદવી મેળવતા શ્રી સુધાંશુ પોટા

વડોદરાના શ્રી સુધાંશુ એ. પોટાએ જીઈબી-એમજીવીસીએલમાંથી ચીફ એન્જીનીયરના હોદા ઉપરથી નિવૃત્ત થયા બાદ અભ્યાસમાં જોડાયને પી.એચડી.ની પદવી મેળવી,શિક્ષણ અભ્યાસ માટે કોઈ વયમર્યાદા નિયત નથી હોતી ઊકિતને સાર્થક કરી બતાવી યુવા પેઢીને પ્રેરણાત્મક દ્રષ્ટાંત પૂરૂં પાડયું છે. અભિવંદન.

## -:- લગ્ન વિષયક જાહેરાત -:-

માહિતી માટે ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરી શકો છો..હાલમાં સમયબાધ નથી -તંત્રી

(૧) બીઈ (ઈસી) જ.તા. ૧૧/૧૯૮૭, ઉં. ૫'૭" MNCમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧

(૨) એમબીએ (માર્કે.) જ.તા. ૪/૧૯૮૫, એમએનસીમાં નોકરી કરતા યુવકને કન્યા, સંપર્કઃ- ૦૨૮૩૬

(૩) બીઈ (સીઈ) ૬/૧૯૮૬, ગાંધીનગર ખાતે પ્રાઈવેટ કું. માં નોકરી કરતી કન્યાને યુવક, સંપર્ક

(૪) એમ.કોમ. જ.તા. ૧૧/૧૯૭૯, ઉં. ૬', પ્રાઈવેટ લીમીટેડ આઈએસઓ કું.માં ફાયનાન્સીયલ આસી. તરીકે નોકરી કરતા યુવકને, સંપર્ક ૦૨૮૧- મો.

(૫) એમએસ કોમ્પ્યુટર યુએસએ, બીઈ(આઈટી) જ.તા. ૮/૧૯૮૬ ૫' ૮" , યુએસએ ખાતે આઈટી કંપનીમાં નોકરી કરતા યુવકને, સંપર્કઃ- ૦૨૮૧

(૬) એમબીબીએસ, જ.તા. ૨/૧૯૮૧ , ઉં. ૫'૭" ની કન્યાને સમકક્ષ યુવક સંપર્કઃ- મો

(૭) બીએસસી, (હોમસાયન્સ) જ.તા. ૩/૧૯૮૯, ઉ. ૫' નિર્દોષ છુટાછેડા વાળી કન્યાને યુવક.

(૮) બી.કોમ. જ.તા. ૮/૧૯૮૬ કાર્ગો મોટર્સ પ્રા.લી. કુ. માં ડી.એમ.એસ. ઓપરેટર તરીકે નોકરી કરતા યુવકને, સંપર્કઃ- ૦૨૮૩૨

(૯) એમ.કોમ. સીએફ એ, જ.તા. ૬/૧૯૮૬, ઉ.૫'૬",એકસીસ બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા, સંપર્કઃ- ૦૭૯

(૧૦) એમ.બી.એ., જ. ૬/૧૯૮૭, ૫'.૮" ઉં.ના બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૩૨-

## ----- સંકલન ટ્રસ્ટ -----

"ઉત્સવ" ગીત ગૂર્જરી સોસાયટી, મેઈન રોડ,
જૈન ઉપાશ્રય સામે, રાજકોટ – ૩૬૦૦૦૭.

ફોન નં ૦૨૮૧ – ૨૪૫૨૮૪૮ મો. ૯૯૨૪૬ ૦૪૮૮૭

મધ્યાહને તપતા સૂરજે .....સંધ્યા....સવારે સૂર્ય નારાયણ ઉગતા હોય તે જોવાની મજા ઓર છે. સમય વીતતો જાય અને સૂરજ ચડતો જાય બપોરે બાર વાગ્યે ધોમ ધખતો હોય ત્યાં વાતાવરણમાં પલ્ટો આવે. ઓચિંતા જ વાદળા ચડી આવે., માવઠું થાય અને વાતાવરણમાં અંધકાર રંગ લે, જાણે મધ્યાહને સંધ્યાનો અહેસાસ થાય, આ કુદરતનો ક્રમ છે. પણ આવો જ ક્રમ માણસના જીવનમાં આવે તો ? આવું જ એક વ્યકિતના જીવનમાં વાતાવરણે પલ્ટો લીધો છે. ખુશનૂમાની જગ્યા ભેજ ભીનાશે લીધી છે. મહારોગે ભરડો લીધો છે. ગણતરીઓ ઊંધી પડવા માંડી છે , બધું રફે દફે થઈ રહયું છે એવો અહેસાસ થાય છે મહારોગને કારણે ગંજાવર ખર્ચ થયો છે અને જીંદગીને સાચવી લેવા હજુ ખર્ચ થવાનો છે. " નિરાશામાં એક અમર આશા છુપાઈ છે " તેમ એક વ્યકિતનો સહારો મળ્યો છે અને મહદ અંશે સંજોગોને સાચવી લીધા છે. જ્ઞાતિજનો પણ સહારે આવ્યા છે. ગંજાવર ખર્ચની સાથે કૌટુંબિક જવાબદારી પણ છે. સંતાનો મહા વિદ્યાલયમાં અભ્યાસ કરે છે . નાગર ગૃહસ્થ સંકોચ અનુભવે છે કે મારી ચર્ચા થાય છે...કોઈ ચર્ચા કરતું જ નથી ફકત સંવેદના અુકંપા જ રજૂ કરે છે અને કહે છે કે આવા દિવસો ઈશ્વર કોઈને પણ દેખાડે નહી." કલ ચમન થા આજ એક સહરા હુઆ દેખતે હી દેખતે યે કયા હુઆ,– બરબાદી કા મુઝે કોઈ ગમ નહી ગમ હે ઉસકા ચર્ચા કયું હુઆ" ચર્ચા કોઈ કરતું જ નથી સહાય કરવાની તમન્ના જ ચર્ચાનો સૂર છે. સમાજને તમે કંઈક આપ્યું જ હશે તો હવે સમાજ તમને કંઈક આપે તો સ્વીકારી લેવામાં જ શાણપણ છે ખડી પડેલી ગાડી પાટા પર દોડતી થાય સમુનમું થઈ જાય તો સમાજને પરત આપવાની પણ આ ગૃહસ્થે ભાવના મનોદિલથી રજુ કરી છે.

આવો, આ ગૃહસ્થને સહાય કરીએ. નામ સરનામું પૂછશો જ નહીં, " નાગર" છે તેવી ખાતરી આપીએ છીએ. સહાય ચેક ડી ડી અથવા રોકડેથી સંકલન ટ્રસ્ટમાં આપી શકાશે. ચેક ડી ડી "સંકલન ટ્રસ્ટ" ના નામે જ મોકલવાનો રહેશે. સંકલન ટ્રસ્ટના રૂપિયા ૫ હજારના પ્રથમ ડોનેશન સાથે સહાય નિધિ શરૂ કરેલ છે.

આભાર સહ
મનોજ વસાવડા
સંકલન ટ્રસ્ટ– મેનેજીંગ ટ્રસ્ટી
રાજકોટ.

## પ્રભુતામાં પગલાં :

– જામનગર સ્થિત શ્રીમતી અંજલી–રાજેન્દ્ર દિનકરરાય ઓઝાનાં પુત્રી અંકિતાના લગ્ન રાજકોટ સ્થિત શ્રીમતી અર્ચના– દુર્ગેશ ઘનશ્યામભાઈ વૈષ્ણવના પુત્ર પ્રતિક સાથે થયાં. બંને પરિવારોની પારંપારીક સંયુકત કુટુંબની ભાવના સાથે વિવિધ પ્રસંગો ઉલ્લાસભેર અને ધામધૂમથી ઉજવાયા.

– ભાવનગર નિવાસી શ્રીમતી પૌરવીબેન તથા ચંદ્રેશ ઓઝાનાં પુત્રી કોષાના લગ્ન વડોદરા નિવાસી વિજયભાઈના પુત્ર અર્જુન સાથે.

– રાજકોટના શ્રીમતી નીના કશ્યપ પોટાના પુત્ર મીતના લગ્ન મુંબઈ સ્થિત શ્રીમતી આરતિ અશ્વિન વસાવડાનાં પુત્રી કેજલ સાથે.

– ભાવનગર સ્થિત ભાવનાબેન તથા રક્ષેશભાઈ વોરાના પુત્ર પૂર્વાંગના લગ્ન જામનગર નિવાસી જતીનભાઈ માંકડના પુત્રી મનાલી સાથે.

– જુનાગઢ નિવાસી કલ્પનાબેન જનાર્દનભાઈ ધોળકિયાના પુત્રી પલકનાં લગ્ન ભુજ નિવાસી કલ્પનાબેન નીલેશભાઈ હાથીના પુત્ર દર્શ સાથે.

– શ્રીમતી કલ્પનાબેન કુમુદચંદ્ર જીકારના પુત્રી  ધવન ના શુભ લગ્ન ભુજના (હાલ અમદાવાદ) શ્રીમતી દીનાબેન નચિકેતભાઈ  વૈદ્યના પુત્રી દ્રષ્ટિ સાથે.

– રાજકોટના ભુપેન્દ્ર ભાનુશંકર વૈદ્યના પુત્ર રિધમના લગ્ન મહુવા નિવાસી  મયુર શશીકાંત દેસાઈનાં પુત્રી ઋત્વા સાથે.

– રાજકોટ સ્થિત  રાજેન્દ્રભાઈ ધોળકિયાનાં પુત્રી રાજવીનાં લગ્ન  કૌશિકભાઈના પુત્ર જતીન સાથે.

– જૂનાગઢ સ્થિત પરેશ યુ. બુચનાં પુત્રી શિવાનીનાં લગ્ન ભુજ સ્થિત અનિલભાઈ વૈદ્યના પુત્ર જીત સાથે.

– જૂનાગઢ સ્થિત શ્રીમતી જ્યોતિ શરદભાઈ અજિતરાય છાયાના પુત્ર પાર્થેશના લગ્ન જૂનાગઢના શ્રીમતી ભાવના પરિક્ષીતરાય શુકલનાં પુત્રી ફોરમ સાથે.

– ભાવનગર સ્થિત ગં. સ્વ. વિણાબેન કુલીનભાઈ વૈશ્નવનાં પુત્રી ગૂંજનનાં લગ્ન જૂનાગઢ સ્થિત શ્રીમતી પ્રતિભાબેન વિમલભાઈ બુચના પુત્ર હરીત સાથે.

– મુંબઈ સ્થિત હિમાંશુ ઉદયભાઈ મહેતાના પુત્ર સ્તવનના લગ્ન મુંબઈ સ્થિત શમિત રક્ષેષભાઈ વ્હોરાનાં પુત્રી પૂર્વી સાથે.

– મુંબઈ સ્થિત ગજેન્દ્રભાઈ ઈન્દુભાઈ દેસાઈના પુત્ર જાગૃતના લગ્ન ભાવનગર સ્થિત સ્વ. ધર્મેન્દ્રભાઈ માંકડનાં પુત્રી જિજ્ઞા સાથે.

– અમદાવાદ સ્થિત ડો. જ્વલંત દેવેન્દ્રરાય ઓઝાનાં પુત્રી પ્રિયમનાં લગ્ન રાજકોટ સ્થિત સ્વ. ભાલચંદ્રભાઈ ધોળકિયાના પુત્ર ...સાથે.

– પોરબંદરના કવિત સુરેશકુમાર વૈશ્નવના લગ્ન ભુજનાં મુરલી જયદ્રથભાઈ અંતાણી સાથે.

– અમદાવાદ સ્થિત નિતીનભાઈ કાંતિલાલ હાથીના પુત્ર મૃગાંકના લગ્ન વડોદરા સ્થિત રાજેશભાઈ બટુકરાય નાણાવટીનાં પુત્રી ઉષ્મા સાથે.

**બરછીની વેબસાઈટ www.barchhi.com તથા તેમાંનો લગ્નોત્સુકો માટેનો WEDHELP પ્રોગ્રામ કેટલીક વિશેષતાઓ અને નવા રૂપરંગ સાથે 'રીસેટ' કરી મુકવામાં આવેલ છે...કલીક કરી જોશો...સાઇટ અંગેની કોઈપણ માહિતી M. 97250 76121 નંબર ઉપરથી જ મેળવી શકાશે.**

# –:–:– મંગલ મેરેજ બ્યુરો –:–:–

**સંચાલક : મમતા ઢેબર – ફોન : ૦૨૮૧ – ૨૫૭૦૬૮૧ સમય : સવારે ૧૧ થી ૧ સાંજે ૫ થી ૭ રવિવારે રજા – ઈમેઈલ :** mamtadhebar@yahoo.in..

૧૯૮૦ થી ૧૯૮૫ સુધીની છે. ૧૯૮૬ થી ૧૯૯૦ની વિગત આવતા અંકમાં...

**ઉચ્ચ શિક્ષિત અને ઉચ્ચ હોદા ઉપર નોકરી કરતી કન્યાની વિગત :**

– મેં ૮૧ ઉં ૫' ૪", બી.કોમ., એમબીએ ચાલુ , ચોખ્ખા ગ્રહ, (સૌરાષ્ટ્ર)
– ડિસેમ્બર ૮૨, ઉં ૫'૪", બીસીએ–એમસીએ, મંગળ છે. (ગુજરાત)
– ડિસેમ્બર ૮૨, ઉ ૫'૧" , બી.કોમ. બ્યુટીશીયન, (મહારાષ્ટ્ર)
– ડિસેમ્બર ૮૨, ઉં ૫'૩" , ડિપ્લોમાં મીકેનીકલ એન્જી. મંગળ છે. (સૌરાષ્ટ્ર)
– ડિસેમ્બર ૮૩, ઉં ૫'૩" , ઈ સી એન્જીનીયર , ચોખ્ખા ગ્રહ (સૌરાષ્ટ્ર)
– મેં ૮૩, ઉં ૫'૫" , ઈ સી એન્જીનીયર, મંગળ છે. (ગુજરાત)
– જુલાઈ ૮૩ ઉં ૫'૨" , બી એ , પીટીસી, ગર્વમેન્ટ જોબ, (સૌરાષ્ટ્ર)
– ઓગષ્ટ ૮૩, ઉં ૫'૩" , એમ. એસસી, બી.એડ. મંગળ છે. (સૌરાષ્ટ્ર)
– એપ્રિલ ૮૪ , ઉં ૫'૪" , બી.કોમ. પીજીડીસીએ, સગપણ તૂટી ગયેલ છે.
– ફેબ્રુઆરી ૮૪, ઉં ૫'૩" , એમ ટેક. (ગુજરાત)
– જાન્યુ ૮૫, ઉં ૫'૫" , ડો. બી.એચ.એમ.એસ. એમ બીએ (ગુજરાત)

**અભિનંદન :**
– સોહમ મહેતા અને ધરા વૈષ્ણવ – સોહમ છાયા – વિશ્વા માંકડ
– હિરણ્યા હિતેષભાઈ માંકડ અને હેત કલ્પેશ દેસાઈ –
– આશિતા ધોળકિયા અને હાર્દિક વસાવડા –
– કિંજલ વૈષ્ણવ મારુ અને ગૌરવ કિશોરભાઈ બુચ–

**આપ આપના સંતાનો ના નામ રજીસ્ટર કરાવી શકો છો.**


## ABM TRAVELS

**WINTER DHAMAKA**
Singapore-Malaysia (6N/7D) Rs.69750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.89750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.84750 - All Inclusive.

**Honeymoon tours**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**
STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫



**KALAM KADCHHI BARCHHI-GRJ-23**
**Registration Valid upto 31-12-2011**

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

**તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા**
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩